
સ્વામિશ્રીજી









# || સ્મરણ સુધા ||

અનુપમ મિશન

# મંદિર નિર્માણ આજ્ઞા હીરક જયંતી

ગુરુદેવ યોગીજી મહારાજે સન ૧૯૬૪માં કૉલેજમાં
અભ્યાસ કરતા સંતભગવંત સાહેબજીને હૉસ્ટેલની રૂમમાં મંદિર
કરી ધૂન–આરતી–સભા કરવાની આજ્ઞા કરી,
જેને તેઓએ શબ્દશઃ પાળી.
યોગીજી મહારાજની પ્રસન્નતાના આશીર્વાદને
પરિણામે પછી તો સંતભગવંત સાહેબજી દ્વારા દેશ–વિદેશમાં
શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરતાં
ઘણાં મંદિરોનાં નિર્માણ થયાં.
આ મૂળ આજ્ઞાને ૬૦ વર્ષ પૂરાં થતાં તેની હીરક જયંતી
પ્રસંગે ગુરુવર્યના શ્રીચરણોમાં ભાવવંદના !

# ॥ સ્મરણ સુધા ॥

## શ્રી વડતાલધામ પદયાત્રા સ્મૃતિભેટ

### ૨૯ ડિસેમ્બર ૨૦૨૪

અનુપમ મિશન

# અનુક્રમણિકા


* સંતભગવંત સાહેબજીના આશીર્વાદ ૩
* સ્તુતિવંદના ૬
* ધ્યેયમંત્ર ૭
* આવાહ્નન શ્લોક ૮
* આજ મારે ઓરડે રે ૯
* પૂજન કરતી વખતે ગાવાના શ્લોક ૧૧
* પૂજન-કંકણબંધન વખતે ગાવાના શ્લોકો ૧૫
* પ્રભુ અને ગુરુ માહાત્મ્યના શ્લોક ૧૬
* મંત્ર પુષ્પાંજલિ ૨૪
* આશીર્વાદ શ્લોક ૨૮
* થાળ ૩૦
* આરતી ૩૩
* વચનામૃત ગઢડા પ્રથમ ૧૬ : 'વિવેક'નું ૩૫
* શ્રી અષ્ટોત્તરશત હરિનામ સ્તોત્ર ૩૭
* કીર્તન : સાધુ રે સાધો... ૪૦
* પ્રભાતિયું : ઊગતી પ્રભાએ... ૪૩
* શયન સ્તુતિ : આખા દિવસમાં... ૪૬
* જયઘોષ ૪૮


*

# સંતભગવંત સાહેબજીના આશીર્વાદ

||સ્વામી શ્રીજી||

Anoopam Mission

નવું વર્ષ - ૨૦૭૧.

સર્વ વ્હાલા સંતો, વ્હાલા અક્ષરમુક્તો
ભાવભર્યાં જયશ્રી સ્વામિનારાયણ !
નૂતન વર્ષાભિનંદન !

આપણે પ્રભુપ્રસન્નતાર્થે જીવન જીવતા
સૌ અક્ષરમુક્તો,

૧. રોજ અડધો કલાક ધ્યાન કરીશું.

૨. અઠવાડિક સત્સંગ સભા કરીશું,
તેમાં હાજરી આપીશું.

૩. શ્રી વચનામૃત, શ્રી સ્વામીની વાતુના રોજ પાઠ કરીશું.

૪. આપણી આવકનો અને કમાણીનો પાંચ ટકા અથવા દશ ટકા ધર્માદો ગુરુવચને પ્રભુ સેવામાં અર્પણ કરીશું.

૫. કોઈની પણ માથાકૂટ, [illegible], [illegible] ન પડતાં સદાય ગુણગાન-મહિમા ગાવા-સાંભળવા-જોવામાં જ આનંદ માણીશું.

૬. સંપ-સુહૃદભાવ-એકતા રાખી, હળીમળીને સત્સંગનાં સઘળાં કાર્યો ગુરુવચને કરીશું.

શરૂ થતા સંવત-૨૦૬૧ના નવા વર્ષના પ્રારંભે આ સંકલ્પો કરી, નવા ઉત્સાહ,

ઉમંગ સાથે કથાવાર્તા, ધૂન-ભજન-
પ્રાર્થનાઓ સાથે નિર્દોષભાવથી સેવા-
ભક્તિ કરતાં કરતાં પ્રભુ પ્રસન્નતાની
પાત્રો બની તન-મન-ધન-આત્માથી
સર્વ પ્રકારે સુખીયા બની જીવનની
ધન્યતાનો ખરો આનંદ માણીએ અને
વડેરાઓ જેવા બની રહીએ તેવી ગુરુચરણે-
પ્રભુચરણે નવા વર્ષના પ્રારંભે અમો સૌની
પ્રાર્થનાઓ છે. રાજી રહેશો.

આપના જ સુહૃદમી,

સાધુ અક્ષિપનદાસજી, સાધુ રલદાસજી,
સાધુ મનોજદાસજી, સૌ સંતો સાથે
સાધુ જશુદાસજીના જય શ્રીસ્વામિનારાયણ!

૨૭ ઓક્ટોબર ૨૦૨૪, શ્રી ગોંડલધામ-
ગ્રીન્સબોરો, નોર્થ કેરોલિના, અમેરિકા.

# સ્તુતિવંદના

અક્ષરધામના જે અહો અધિપતિ સહજાનંદ શ્રીહરિ,
સર્વાંતર્યામી સદા સકલના સર્વજ્ઞ સર્વોપરી;
માયા કાળ રવિ શશી સૂરગણે જેની શિરાજ્ઞા ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી. ॥૧॥

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદજી, પુરુષોત્તમ શ્રીહરિ,
અક્ષર-પુરુષોત્તમ ઉપાસ્ય સ્વરૂપ શાશ્વત કૃપાએ કરી;
અક્ષર-પુરુષોત્તમ મનુજ કૃતિમાં સાકાર રૂપ ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી. ॥૨॥

વંદન પ્રાગજી ભક્તને નમું સદા જાગાજી, કૃષ્ણજીને,
વંદન યજ્ઞપુરુષદાસ ગુરુજી યોગી મહારાજને;
અક્ષરપુરુષોત્તમ સ્વરૂપ સઘળાં સાકાર રૂપ ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી. ॥૩॥

*

# ધ્યેયમંત્ર

**અક્ષર છું હું દેહ નહીં આત્મા રૂપે ભક્તિ કરું સર્વદા,**
**પુરુષોત્તમ પ્રગટ જે ગુરુહરિ દાસ હું તેનો સદા;**
**છે સંબંધી પ્રભુ તણાં સર્વ જે નિર્દોષ દિવ્ય સદા,**
**યાચું સેવા ભક્તિ ભક્તો તણી ગુણ ગ્રહી સર્વદા.**

*

'અક્ષરમ્ અહં પ્રગટ
પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોસ્મિ'

અક્ષર એવો હું, પ્રગટ
પુરુષોત્તમસ્વરૂપ ગુરુહરિનો દાસ છું.

*

# આવાહ્‌ન શ્લોક

**શ્રીમદ્‌સદ્‌ગુણ શાલિનં ચિદચિદિ વ્યાપ્તં ચ દિવ્યાકૃતિં**
**જીવે સાક્ષર મુક્તકોટિ સુખદં નૈકાવતારાધિપમ્‌ ।**
**જ્ઞેયં શ્રી પુરુષોત્તમં મુનિવરૈ ર્વેદાદિકીર્ત્યં વિભું**
**તમ્મૂલાક્ષર–યુક્તમેવ સહજાનંદં ચ વન્દે સદા ॥**

શુભ સદ્‌ગુણોથી શોભતા, સર્વવ્યાપક, દિવ્ય આકૃતિવાળા, જીવ, ઈશ્વર અને અનંત કોટિ મુક્તોને સુખ આપનારા, સર્વ અવતારના અવતારી, વેદમાં જેની કીર્તિ ગવાયેલી છે તેવા તથા મોટા મુનિઓને જાણવા યોગ્ય એવા જે અક્ષરે સહિત પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીને હું સદાય વંદન કરું છું.

*

# સંતોની પધરામણી વખતે ગાવાનું પદ

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ... ૧

નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ... ૨

ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર... ૩

આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર... ૪

કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર... ૫

પહેરી પ્રીત શું રે, સુરંગી સૂંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ... ૬

ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોયા લાગ;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય... ૭

મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો ના'વે તેને તુલ્ય... ૮

રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
'પ્રેમાનંદ' તો રે, એ છબી નીરખી થયો નિહાલ... ૯

*

## પૂજન કરતી વખતે ગાવાના શ્લોક

**શ્રી વાસુદેવવિમલામૃત-ધામ-વાસં**
**નારાયણં નરક-તારણ-નામધેયમ્ ।**
**શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ**
**ત્વાં ભક્તિ-ધર્મ-તનયં શરણં પ્રપદ્યે ॥ ૧**

દિવ્ય વિશુદ્ધ વાસુદેવરૂપી અક્ષરધામમાં નિવાસ કરનારા, નરકથી તારનારા, નારાયણ જેમનું નામ છે, તેમજ શ્યામ તથા શ્વેત વર્ણવાળા, હંમેશાં બે ભુજાઓથી શોભનારા, કોઈ વાર ચારભુજાઓથી શોભતા, ભક્તિ તથા ધર્મના પુત્ર આપને હું શરણે જાઉં છું.

**શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણામ્**
**એકાન્ત-ધર્મમખિલં પરિશીલયન્તમ્ ।**

**અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ**
**ત્વાં ભક્તિ–ધર્મ–તનયં શરણં પ્રપદ્યે ॥** ૨

આ લોકમાં પોતામાં ભક્તિવાળા ભક્તજનોની શિક્ષાને અર્થે સંપૂર્ણ એકાંતિક ધર્મ તથા અષ્ટાંગ યોગની સકળ કલાઓને તેમજ અહિંસા બ્રહ્મચર્યાદિ મહાવ્રતોને પોતાનાં આચરણથી પોતાના ભક્તોને શીખવતા એવા ભક્તિ તથા ધર્મના પુત્ર આપને હું શરણે જાઉં છું.

**શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્ત્યા**
**સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરુધા નિજસ્ય ।**
**પૂરે ગતાગત જલામ્બુધિનોપમેયં**
**ત્વાં ભક્તિ–ધર્મ–તનયં શરણં પ્રપદ્યે ॥** ૩

પ્રાણાયામમાં શ્વાસોચ્છ્વાસે સહિત પોતાના અંતઃકરણમાં અને બહાર નેત્ર આગળ, ભગવાનમાં પોતાની વારે વારે અનુલોમ - પ્રતિલોમ વૃત્તિ વર્તે છે, તેણે કરીને ભરતીમાં જતું આવતું જળ જેનું છે એવા સમુદ્રની સાથે ઉપમા આપવા યોગ્ય એવા ભક્તિ તથા ધર્મના પુત્ર આપને હું શરણે જાઉં છું.

**બાહ્યાન્તરિન્દ્રિયગણશ્વસનાધિદૈવ**
**વૃત્યુદ્ભવસ્થિતિલયાનપિ જાયમાનાન્ ।**
**સ્થિત્વા તતઃ સ્વમહસા પૃથગીક્ષમાણં**
**ત્વાં ભક્તિ-ધર્મ-તનયં શરણં પ્રપદ્યે ॥ ૪**

ઉત્પન્ન થતા બાહ્ય અને આંતર ઈન્દ્રિયોના સમૂહો, પ્રાણઅપાનાદિ વાયુ, ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતા - તે સર્વેની વિવિધ વૃત્તિઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લયને,

જે સર્વેથી પૃથક્ - નિર્લેપ સ્વ સ્વરૂપમાં સર્વદા વર્તતા તમો સ્વયં સ્વપ્રતાપથી સાક્ષાત્ જુઓ છો એવા ભક્તિ તથા ધર્મના પુત્ર આપને હું શરણે જાઉં છું.

**માયામયાકૃતિતમોશુભવાસનાનાં**
**કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરૂપે ।**
**નિર્બીજસાંખ્યમતયોગગયુક્તિભાજં**
**ત્વાં ભક્તિ-ધર્મ-તનયં શરણં પ્રપદ્યે ॥ ૫**

ભગવાનના સ્વરૂપમાં માયિક આકૃતિ, અજ્ઞાન અને અશુભ વાસના આદિ દુર્ગુણોનો સારી રીતે નિષેધ કરવા માટે જ નિર્બીજ એવા સાંખ્ય અને યોગના મતનું યુક્તિએ કરી પ્રતિપાદન કરનારા એવા ભક્તિ તથા ધર્મના પુત્ર આપને હું શરણે જાઉં છું.

*

# પૂજન-કંકણ બંધન વખતે ગાવાના શ્લોકો

**હરિ:ૐ સ્વસ્તિ નઽઈન્દ્રો વૃદ્ધશ્રવાઃ**
**સ્વસ્તિ નઃ પૂષા ।**
**વિશ્વવેદાઃ સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યોઽઅરિષ્ટનેમિઃ**
**સ્વસ્તિ નો બૃહસ્પતિ ર્દધાતુ ॥**

મહા કીર્તિવાળા ઈંદ્ર અમારું કલ્યાણ કરો. સર્વને જાણનારા પૂષા (સૂર્ય) દેવ અમારું કલ્યાણ કરો. અરિષ્ટ (અશુભ) નાશક ચક્ર સમાન ગરુડજી અમારું કલ્યાણ કરો અને બૃહસ્પતિ દેવ અમારું કલ્યાણ કરો.

**યેન બદ્ધો બલિ રાજા દાનવેન્દ્રો મહાબલઃ ।**
**તેન ત્વામ્ અભિબધ્નામિ રક્ષે મા ચલ મા ચલ ॥**

જે રક્ષાસૂત્રથી મહાન શક્તિશાળી દાનવેન્દ્ર રાજા બલિને ધર્મના બંધનમાં બાંધવામાં આવ્યા હતા, એ જ રક્ષાબંધનથી હું આપને બાંધું છું, એટલે કે ધર્મ માટે પ્રતિબદ્ધ કરું છું; જે આપની રક્ષા કરશે. હે રક્ષે! (રક્ષાસૂત્ર) તમે ચલાયમાન ન થાવ, ચલાયમાન ન થાવ.

# પ્રભુ અને ગુરુ માહાત્મ્યના શ્લોકો

**નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રયવિલક્ષણમ્ ।**
**વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥**

સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રી કૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે સર્વકાળને વિશે કરવી. (શિક્ષાપત્રી - ૧૧૬)

**ગુણાતીતોક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।**
**જનો જાનન્નિદં સત્યમુચ્યતે ભવબંધનાત્ ॥**

ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ છે, ભગવાન પુરુષોત્તમનારાયણ શ્રીજી મહારાજ છે. જે જન આ સત્ય સિદ્ધાંત જાણે - સમજે છે તે ભવબંધનથી મુક્ત થાય છે.

**મહાધ્યાનાભ્યાસં વિદધતમજસ્રં ભગવતઃ**
**પવિત્રે સમ્પ્રાપ્તં સ્થિતિમતિવરૈકાંતિકવૃષે ।**
**સદાનંદં સારં પરમહરિવાર્તાવ્યસનિનં**
**ગુણાતીતાનંદં મુનિવરમહં નૌમિ સતતમ્ ॥**

જેમને નિરંતર ભગવાનના ધ્યાનનો અભ્યાસ છે, પવિત્ર અને અતિશય શ્રેષ્ઠ એકાંતિક ધર્મમાં જેમની દૃઢ સ્થિતિ છે, સર્વ કાળ ભગવાનના આનંદનો અનુભવ છે. છતાં સર્વકાળ શ્રીહરિની સર્વોત્તમ વાર્તા કરવાનું જેમને વ્યસન છે, તે મુનિવર શ્રી ગુણાતીતાનંદ સ્વામીની હું નિરંતર સ્તુતિ કરું છું.

**ધ્યાન મૂલમ્ ગુરુ મૂર્તિ, પૂજા મૂલમ્ ગુરુર્પદમ્ ।**
**મંત્ર મૂલમ્ ગુરુર્વાક્યમ્, મોક્ષ મૂલમ્ ગુરુર્કૃપા ॥**

ધ્યાન ધરવા યોગ્ય ગુરુનું સ્વરૂપ છે, પૂજા કરવા યોગ્ય ગુરુનાં ચરણકમલ છે, ગુરુનાં વચનો અને ઉપદેશ એ એક મંત્ર જેટલાં જ પવિત્ર અને પ્રેરક છે અને છેવટે મોક્ષ પ્રાપ્તિ માટે ગુરુની કૃપા જ એકમાત્ર ઉપાય છે.

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ: ગુરુર્દેવો મહેશ્વરઃ।**

**ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ॥**

દુનિયાનાં દુઃખો દૂર કરવાનો માર્ગ બતાવનાર ગુરુ એ જ બ્રહ્મા, એ જ ગુરુ વિષ્ણુ, એ જ ગુરુ મહાદેવ છે. જ્ઞાન આપનારા ખરા ગુરુ એ જ સાક્ષાત્ પરબ્રહ્મ છે.

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ**

**ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ।**

**ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ**

**ત્વમેવ સર્વં મમ દેવ દેવ॥**

હે પ્રભુ ! હે ગુરુ ! તમે જ માતા છો, તમે જ પિતા છો, તમે જ બંધુ છો, તમે જ મિત્ર છો, તમે જ વિદ્યા છો, તમે જ ધન છો, દેવોના દેવ તમે જ મારું સર્વસ્વ છો.

**બ્રહ્માનંદં પરં સુખદં, કેવલં ભક્તિમૂર્તિં**

**દ્વન્દ્વાતીતં ગગનસદ્દશં, તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્ ।**

**એકં નિત્યં વિમલમચલં, સર્વધીસાક્ષીભૂતં**

**ભાવાતીતં ત્રિગુણનિરિતં, સદ્ગુરું તં નમામિ ॥**

જેમને અખંડ બ્રહ્મનો આનંદ છે, જેઓ પરબ્રહ્મનું સુખ આપે છે, જેઓ કૈવલ્ય સ્વરૂપ, ભક્તિવાન છે, જેઓ સુખ-દુઃખાદિ દ્વન્દ્વોથી પર છે, જેઓ માયામાં આવવા છતાં આકાશ જેવા નિર્લેપ છે, જેઓ જીવો માટે તત્ત્વમસિ જેવાં મહાવાક્યોના એકમાત્ર લક્ષ્ય છે. જેઓ અદ્વિતીય, નિત્ય, નિર્મળ અને નિજધ્યેયમાં નિશ્ચલ છે, જેઓ સર્વજીવપ્રાણીમાત્રની બુદ્ધિના સાક્ષી છે, જેઓ રાગ-દ્વેષાદિ મનોભાવથી પર છે, સત્ત્વ, રજ ને તમ ત્રણે ગુણોથી રહિત છે એવા સદ્ગુરુ આપને હું નમન કરું છું.

**મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।**
**યત્કૃપા તમહં વન્દે પરમાનંદં માધવમ્ ॥**

જેની કૃપા મૂંગાને બોલતો કરે છે, પાંગળાને પર્વત ઓળંગતો કરે છે, તે પરમ આનંદરૂપ ભગવાનને હું નમન કરું છું.

**અસિત ગિરિ સમં સ્યાત્ કજ્જલં સિંધુપાત્રે**
**સુરતરુવર શાખા લેખીની પત્રમુર્વી**
**લિખતી યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં**
**તદપિ તવ ગુણાનામ્ ઈશ પારં ન યાતિ ।**

હે ઈશ ! મહાસાગરરૂપ પાત્રમાં નીલગિરિ પર્વતના જેટલી શાહી હોય, કલ્પવૃક્ષની ડાળરૂપ કલમ હોય અને (પછી) પૃથ્વીરૂપ કાગળ લઈ સરસ્વતી દેવી જો સદાકાળ લખે તો પણ તમારા ગુણોનાં સંપૂર્ણ વર્ણન અશક્ય છે.

**કરારવિન્દેન પદારવિન્દં**

**મુખારવિન્દે વિનિવેશયન્તમ્ ।**

**વટસ્ય પત્રસ્ય પુટે શયાનં**

**બાલં મુકુન્દં મનસા સ્મરામિ ॥**

હસ્તકમળ વડે પગના અંગૂઠાને મોંમાં મૂકતા એવા વડના પાંદડા પર સૂતેલા બાલમુકુંદ ભગવાનનું હું મનમાં સ્મરણ કરું છું.

**ઈશાવાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્ ।**

**તેન ત્યક્તેન ભુંજીથાઃ મા ગૃધ કસ્યસ્વિદ્ ધનમ્ ॥**

આ જગતમાં જે કાંઈ જણાય છે એ બધું જ પરમાત્માથી વ્યાપ્ત છે. આવા કર્મફળપ્રદાતા પરમાત્માએ આપેલા પોતે કરેલાં કર્મોના ફલસ્વરૂપ ભોગોને શાસ્ત્ર પ્રમાણે ભોગવો. કોઈનું પણ દ્રવ્ય ઈચ્છશો નહિ.

**નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા**

**સધર્મભક્તેરવનં વિધાતા ।**

**દાતા સુખાનાં મનસેપ્સિતાનાં તનોતુ**

**કૃષ્ણોઽખિલ મંગલં નઃ ॥**

પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા તેના નાશ કરનારા એવા ને ધર્મે સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા એવા ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રી કૃષ્ણ ભગવાન તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો. (શિક્ષાપત્રી - ૨૧૨)

**ૐ સહનાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।**

**તેજસ્વિનાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ।**

**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।**

હે પરમાત્મા ! અમારી (ગુરુ-શિષ્ય) બંનેની રક્ષા કરો. અમારા બંનેનું પાલન કરો. અમે સાથે રહી તેજસ્વી-દૈવી કાર્યો કરીએ. અમે કરેલું અધ્યયન તેજસ્વી-દૈવી થાય. એમ એકબીજાનો દ્વેષ ન કરીએ.

**અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।**

**તસ્માત્ કારુણ્યભાવેન રક્ષત્વં પુરુષોત્તમ ॥**

મારે બીજા કોઈનું શરણું નથી, તમારું જ શરણું છે. માટે કરુણા કરીને હે પુરુષોત્તમ (મારી રક્ષા) કરજો.

**અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।**

**પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥**

હું જઠરાગ્નિ થઈ પ્રાણીઓના શરીરમાં રહીને પ્રાણ તથા અપાન વાયુથી યુક્ત થઈ ચાર પ્રકારનું અન્ન પચાવું છું. (ગીતા - ૧૫-૧૪)

*

# મંત્ર પુષ્પાંજલિ

**મંદારકુંદકરવીરલવંગપુષ્પૈ,**

**સ્ત્વાં યોગિસંતતમહં પરિપૂજયામિ ।**

**જાતિજપાબકુલચંપકકેતકાદિ,**

**નાનાવિધાનિકુસુમાનિ ચ તેર્પયામિ ॥**

મંદાર, મોગરો (કુંદ), લવંગનાં ફૂલો વડે તમારી નિત્ય પૂજા કરું છું, અને વળી પારિજાત, જપા (જાસૂદ) બકુલ-ચંપક-કેતકી વગેરે ભાતભાતનાં ફૂલો અર્પણ કરું છું.

**હરિ : ૐ યજ્ઞેન યજ્ઞમયજન્તદેવાસ્તાનિ**

**ધર્માણિ પ્રથમાન્યાસન્ ।**

**તે હ નાકંમહિમાન: સચન્ત યત્ર પૂર્વે**

**સાધ્યા: સન્તિ દેવા : ॥**

હરિૐ યજ્ઞમય એવા જે દેવો છે તેમને હું પહેલાં પધરાવું છું. તેમના અપાર મહિમાનું હું ચિંતવન કરું છું. સર્વે દેવોની પહેલાં હું સાધના કરું છું.

ॐ રાજાધિરાજાય પ્રસહ્ય સાહિને
નમો વયં વૈશ્રવણાય કુર્મહે ।
સ મે કામાન્ કામકામાય મહ્યમ્ ।
કામેશ્વરો વૈશ્રવણો દદાતુ ।
કુબેરાય વૈશ્રવણાય મહારાજાય નમઃ ॥

ૐ રાજાધિરાજને પ્રથમ નમીએ છીએ અને અમારી કામનાઓ સફળ રહો તેવી પ્રાર્થના કરીએ છીએ. હે ભગવાન ! તમે સર્વ કામનાઓ પૂરી કરનારા છો. અમે કુબેર મહારાજને નમસ્કાર કરીએ છીએ. સર્વનું સારું થજો.

ૐ સ્વસ્તિ । સામ્રાજ્યં ભૌજ્યં
સ્વારાજ્યં વૈરાજ્યં પારમેષ્ઠ્યં રાજ્યં
મહારાજ્યમાધિપત્યમયં
સમન્તપર્યાયી સ્યાત્સાર્વભૌમઃ
સાર્વાયુષ આન્તાદાપરાર્ધાત્ ॥

**પૃથિવ્યૈ સમુદ્રપર્યન્તાયા**

**એકરાડિતિ તદપ્યેષ શ્લોકોઽભિગીતો મરુત:**

**પરિવેષ્ટારો મરુત્તસ્યા વસન્ગૃહે**

**આવિક્ષિતસ્ય કામપ્રેર્વિશ્વેદેવા: સભાસદ ઈતિ ॥**

ભોજન, સામ્રાજ્ય, સમૃદ્ધિ, પરલોકનાં સુખો અધિકારો સર્વેનું આયુષ્ય, તથા સર્વ ભૂમિ પરિપૂર્ણ રહો. હજારો વર્ષો પર્યંત રહો. સમુદ્ર સુધી બધી પૃથ્વી ઉપદ્રવોથી રહિત હજો. બધું મધુર વહો. આ પ્રાર્થનાનો વાયુ ચારે દિશામાં વહી જજો. અમારાં નિવાસોમાં આ શ્લોકો છવાઈ જજો. અમારી કામનાઓને દેવો પૂર્ણ કરજો.

**ૐ નારાયણાય વિદ્મહે ।**

**વાસુદેવાય ધીમહિ । તન્નો વિષ્ણુ: પ્રચોદયાત્ ।**

નારાયણને અમે ઓળખીએ, વાસુદેવનું અમે ચિંતવન કરીએ. હે વિષ્ણુ ભગવાન ! અમને આગળ લઈ જજો, પ્રેરણા આપજો.

**ૐ સહજાનંદાય વિદ્મહે ।**

**સાક્ષરાય ચ ધીમહિ । તન્નઃ સ્વામી પ્રચોદયાત્ ॥**

સહજાનંદ સ્વામીને અમે ઓળખીએ, જેઓ અક્ષરજ્ઞાનમાં પારંગત, વિદ્વાન છે તેમનું અમે ચિંતવન કરીએ. હે સ્વામી ! અમને આગળ લઈ જજો, પ્રેરણા આપજો.

**શ્રી અક્ષરપુરુષોત્તમાય ભક્ત મંડલ સહિતાય**

**ઈમાં પુષ્પાંજલિં સમર્પયામિ ॥**

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને અને સર્વે ભક્તમંડળને અમે આ પુષ્પાંજલિ અર્પણ કરીએ છીએ.

*

# આશીર્વાદ શ્લોક

**સ્વસ્ત્યસ્તુ તે કુશલમસ્તુ ચિરાયુરસ્તુ,**
**ભક્તિં ધનં ચ ધાન્યમ્ સુખ શાંતિ રસ્તુ ।**
**ઐશ્વર્યમસ્તુ વિજયોઽસ્તુ રિપુક્ષયોઽસ્તુ,**
**વંશે સદૈવ ભવતાં હરિભક્તિરસ્તુ ॥**

આપનું કલ્યાણ થાઓ, કુશળ બનો અને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત કરો. ભક્તિ અને ધન-ધાન્ય મેળવી સમૃદ્ધ બનો, સંપત્તિવાન બનો, બલવાન બનો. કામ, ક્રોધ, લોભ, મોહ, હઠ, માન, ઈર્ષા આદિ શત્રુતુલ્ય દોષો ઉપર આપનો વિજય હો. આપના વંશમાં સદા હરિભક્તિ રહો.

**સર્વેત્ર સુખિન: સન્તુ સર્વે સન્તુ નિરામયા: ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુ:ખમાપ્નુયાત્ ॥**

સર્વે સુખી થાઓ, સર્વે દુ:ખ વ્યાધિથી મુક્ત રહો. સર્વે કલ્યાણકારી જોતા થાઓ, કોઈને પણ દુ:ખ ન થાઓ.

**ૐ દ્યૌ: શાન્તિરન્તરિક્ષ: શાન્તિ: ।**

**પૃથિવી શાન્તિરાપ: શાન્તિ: । ઔષધય: શાન્તિ: ।**

**વનસ્પતય: શાન્તિ: । વિશ્વેદેવા: શાન્તિ: ।**

**બ્રહ્મ શાન્તિ: । સર્વં શાન્તિ: ।**

**શાન્તિરેવ શાન્તિ: । સા મા શાન્તિરેધિ ॥**

**ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ: ।**

હે પરમાત્મન્ ! સ્વર્ગ શાન્તિમય હો, અંતરિક્ષ શાન્તિમય હો, પૃથ્વી શાન્તિમયી હો, જલરાશિ શાન્તિમય હો, ઔષધિઓ શાન્તિમય હો, વનસ્પતિઓ શાન્તિમય હો, વિશ્વદેવો શાન્તિમય હો, બ્રહ્મ શાન્તિમય હો, સર્વ શાન્તિમય હો, શાન્તિ જ શાન્તિ હો, પ્રાપ્ત થયેલ શાંતિ વૃદ્ધિ પામો અને અમારા સંસારજીવનમાં શાન્તિમય વાતાવરણ બની રહો.

*

# થાળ

**અન્નં ચતુર્વિધં સ્વાદુ રસૈ: ષડ્ભિ: સમન્વિતમ્ ।**
**ભક્ષ્યભોજ્ય સમાયુક્તં નૈવેદ્યં પ્રતિગૃહ્યતામ્ ॥**
**શ્રી અક્ષરપુરુષોત્તમાય ભક્તમંડલ સહિતાય**
**નૈવેદ્યં સમર્પયામિ ॥**

છ પ્રકારના રસ (ખારો, ખાટો, કડવો, તીખો, તૂરો, ગળ્યો)થી ભરપૂર અને ખવાય તેવાં રોટલી-શાક-ફરસાણ વગેરે અને પીવાય તેવાં દૂધપાક - દાળ - કઢી વગેરે અને ચાટીને ખવાય તેવો શીરો-ચટણી-મઠો જેવાં તથા ચૂસીને ખવાય તેવાં કેરી અને બચકાં ભરી ખવાય તેવાં ફળાદિ એવા ચાર પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓનો થાળ આપ ગ્રહણ કરો. ભક્તમંડળે સહિત શ્રી અક્ષરપુરુષોત્તમને નૈવેદ્ય અર્પણ કરું છું.

*(પલાંઠી વાળી, ટટ્ટાર બેસી શ્રીજીમહારાજને તથા તેઓનાં પ્રત્યક્ષ અને પ્રગટ સ્વરૂપોને જમાડતા હોય તેમ ભાવ લાવી તાળી વગાડી થાળ બોલવો.)*

**મારે ઘેર આવિયા છોગલાં ધારી,**
**મારે ઘેર આવિયા છોગલાં ધારી...**
**લાડુ જલેબી ને સેવ સુંવાળી,**
**હું તો ભાવે કરી લાવી છું ધારી... મારે ઘેર...**

**સૂરણ પૂરણ ને ભાજી કારેલાં**
**પાપડ વડી વઘારી,**
**વંતાક વાલોળનાં શાક કર્યાં**
**મેં તો ચોળાફળી છમકારી... મારે ઘેર...**

**કાજુ કમોદના ભાત કર્યા,**
**મેં તો દાળ કરી બહુ સારી,**
**લીંબુ કાકડીનાં લેજો અથાણાં,**
**કઢી કરી છે કાઠિયાવાડી... મારે ઘેર...**

*હે શ્રીજી મહારાજ જમો !*
*હે ગુણાતીતાનંદ સ્વામી મહારાજ જમો !*
*હે ગોપાળાનંદ સ્વામી મહારાજ જમો !*
*હે શાસ્ત્રીજી મહારાજ હે યોગીજી મહારાજ,*
*હે સાહેબજી મહારાજ જમો !*
*હે સર્વ પ્રગટ ગુણાતીત સ્વરૂપો જમો જમો જમો !*
*હે પ્રત્યક્ષ ધામ-ધામી ને મુક્તો જમો જમો જમો !*

જળ ઘેલાની ઝારી ભરી છે, ચળું કરોને મારા સ્વામી,
હળવે હળવે જળ પીવો તમે
અવતારના અવતારી... મારે ઘેર...

લવિંગ-સોપારી ને પાન બીડું વાળી,
તજ એલચી જાવંત્રી સારી,
નિશદિન આવો તો ભાવે કરી ભેટું
એમ માગે જે'રામ બ્રહ્મચારી... મારે ઘેર...

*

# આરતી

**નીરાજનં ગૃહાણેશ પંચવર્તિ-સમન્વિતમ્ ।**
**તેજો-રાશિર્મયા દત્તો લોકાનન્દ-કર પ્રભો ॥**
**શ્રી અક્ષરપુરુષોત્તમાય ભક્તમંડળ**
**સહિતાય આરાર્તિક્યં સમર્પયામિ ॥**

ત્રિલોકના આનંદના દાતા હે પ્રભુ ! હે ઈશ ! પાંચ દિવેટયુક્ત તેજના પુંજથી આરતી કરું છું તે તમે સ્વીકારો. ભક્તમંડળ સહિત એવા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને આરતી અર્પણ કરું છું. *(એક સાથે એક અવાજે તાલબદ્ધ તાળી વગાડી આરતી સમૂહમાં ગાવી.)*

**જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય અંતર્યામી,**
**સહજાનંદ દયાળુ, (૨) બળવંત બહુનામી...**
**જય સદ્‌ગુરુ.**
**ચરણ સરોજ તમારાં, વંદું કર જોડી... (૨)**
**ચરણે શીશ ધર્યાથી, (૨) દુઃખ નાખ્યાં તોડી...**
**જય સદ્‌ગુરુ.**

નારાયણ સુખદાતા દ્વિજકુળ તનુ ધારી... પ્રભુ...
પામર પતિત ઉદ્ધાર્યાં, (૨) અગણિત નરનારી...
જય સદ્‌ગુરુ.

નિત્ય નિત્ય નૌતમ લીલા કરતા અવિનાશી,
અડસઠ તીરથ ચરણે, (૨) કોટિ ગયા કાશી...
જય સદ્‌ગુરુ.

પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે,
કાળકર્મથી છૂટી, (૨) કુટુંબ સહિત તરશે...
જય સદ્‌ગુરુ.

આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી,
'મુક્તાનંદ' કહે મુક્તિ, (૨) સુગમ કરી સિદ્ધિ...
જય સદ્‌ગુરુ.

*(આરતીને જળનાં ત્રણ આવર્તન કરી જળ જમીન પર પધરાવી દેવું. ભગવાનને આરતી ધરાવવી. પધારેલ સૌ સંતો-ભક્તોને આશકા આપવી.)*

*

॥ વચનામૃત ॥

## ગઢડા પ્રથમ ૧૬ : 'વિવેક'નું

સંવત ૧૮૭૬ના માગશર વદી ૪ ચોથને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, 'ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેનો ત્યાગ કરી દે અને તેના જે ગુણ હોય તેનું જ ગ્રહણ કરે. અને પરમેશ્વરને વિશે તો તેને

કોઈ અવગુણ ભાસે જ નહિ. અને ભગવાન અને સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને પણ તે વચનને વિષે સંશય કરે નહિ. અને સંત કહે જે, તું દેહ, ઈન્દ્રિય, મન, પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એને જાણનારો છું અને એ દેહાદિક સર્વે અસત્ય છે એમ વચન કહે, તેને સત્ય માનીને તે સર્વેથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહિ. અને જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવાં પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને તેના બંધનમાં આવે નહિ. અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે તેને વિવેક છે.'

॥ સહજાનંદ સ્વામી મહારાજની જય ॥

*

# શ્રી અષ્ટોત્તરશત હરિનામ સ્તોત્ર

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

હે ભક્તો ભગવાનના સાધુ-સંત સુજાણ

શ્રી હરિનામરટણ કરે સઘળે સર્વ સુવાણ

શ્રી અષ્ટોત્તરશત હરિનામ સમરતિ ગુરુહરિ સંગ

આધિ વ્યાધિ ઉપાધિ ટળે સુખ કરે સત્સંગ

શ્રી હરિકૃષ્ણ શ્રી હરિ શ્રી કૃષ્ણ ઘનશ્યામ

ભક્તિનંદન ધર્મકિશોર વર્ણી સુંદરશ્યામ

નીલકંઠ સહજાનંદજી સ્વામિનારાયણ નામ

ષડ અક્ષરનો સમરથ આ મંત્ર મહા બળવાન

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨)

નારાયણ મહારાજ પ્રભુ નટનાગર સુખધામ
રસિયારાજ શ્રી મોહનજી છોગલાંધારી શ્યામ
શ્રી પુરુષોત્તમ રાજીવનેણ ધર્મકુંવર મુનિરાય
સુખસાગર ભવભયહારી નટવર જાદવરાય
ધર્મનંદન વનમાળી શ્રી સ્વામી સુખરાશિ
જગઆધાર શ્રી ગિરધારી મોરારિ અવિનાશિ
નાથ શ્રી લહેરી રંગલહેરી દેવ હે શ્યામસુજાણ
વ્હાલીડા હે શ્રી ભગવાન હરિવર જીવનપ્રાણ
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨)

શ્યામસનેહી સુંદરવર રસિયાજી ગોપાલ
દયાસિંધુ હે અલબેલા માવા દીનદયાળ
છોગાંવાળા છેલ વિભુ વિમલમૂર્તિ હે લાલ
શામળા હે કેસરિયા પિયા છેલા ભક્તિબાળ
રસિક કૃપાનિધિ શ્રી બળવંત ગોવિંદ અંતર્યામી

કરુણાનિધાન રાજેન્દ્ર માવજી અક્ષરધામી
ભક્તવત્સલ સાંવરિયા પ્રીતમજી છોગાળા
પ્રણતપાળ હે સમરથમૂર્તિ મનવસિયા લટકાળા
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨)

કામિલ કાબિલ સર્વોપરી પ્રાણાધાર હે પ્યારા
લહેરખડાં લહેરી કોડીલા ઠાકોરજી હે ન્યારા
શ્રી રાજાઅધિરાજ હે વિશ્વપાળ હે અધમોદ્ધારણ
શ્યામમનોહર વિશ્વવિહારી વ્હાલમ પતિતપાવન
શ્રી બાંવરિયા રંગભીના સલૂણા હે સુખસાગર
સુખદાયક હે પૂરણકામ મોહનવર માણીગર
ચતુરસુજાણ હે કામણગાર ખાંતીલા મર્માળા
બહુનામી મમ હૃદય વસો શ્રીજી સદા કૃપાળા
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨)

*

## કીર્તન : સાધુ રે સાધો

સાધુ રે સાધો નિર્મળ ભેખ ને,

ભગવા હૃદયની સાધુ સહજતા... (૨)

આરત પળ-પળ વહેતી ઝંખે, (૨)

સાહેબ કેવળ તારી પ્રસન્નતા... (૨)

સાધુ રે સાધો...

નિર્મળ મન ને વાણી પરા હો,

નયનોમાં કરુણાની વહેતી નિર્ઝરા હો... (૨)

વર્તન સરળ નિર્દંભ જીવન હો,

શ્વાસ-ઉચ્છ્વાસે હરિરટણા હો... (૨)

નિશ્ચલ હિમાલય સા નિશ્ચયે સાધુ, (૨)

પાવન વહેતી ગંગાસમ સાધુ... (૨)

સાધુ રે સાધો...

સુખ-દુ:ખમાં માન-અપમાનમાં,
ધીરજ ધરી સાધુ ધારે સમતા... (૨)
આશા અપેક્ષા ને દ્વન્દ્વોથી પર હો,
અલમસ્ત આનંદ મૂર્તિની મૌજ હો... (૨)
ચલતા ભલા રહે નિર્બંધ સાધુ, (૨)
કેવળ પ્રભુના આશરે સાધુ... (૨)
સાધુ રે સાધો...

અક્ષરરૂપ જાણી સ્વયંને,
દાસત્વભાવે સવળું વિચારે... (૨)
ગમતું પ્રભુનું ને ગમતાં પ્રભુનાં,
નિર્દોષ જાણે સુહૃદ સહુનાં... (૨)
સેવામાં તત્પર મહિમાએ સાધુ,(૨)
ભક્તોની ભક્તિમાં રસબસ સાધુ... (૨)
સાધુ રે સાધો...

સ્વપ્ન સુષુપ્તિ ને જાગ્રત પળમાં,

મનની વૃત્તિ સ્હેજે પ્રભુમાં... (૨)

ગુરુહરિની ભક્તિરૂપી હો,

પગલું ત્યારે તો જ ભરાઓ... (૨)

યોગીના જશનું ગીત રે સાધુ, (૨)

સાહેબજીના અનુપમ સાધુ... (૨)

સાધુ રે સાધો...

*

## પ્રભાતિયું : ઊગતી પ્રભાએ...

ઊગતી પ્રભાએ કાર્ય પ્રારંભમાં...

સહાય કરો એવું ઈચ્છું છું,

સર્વ કાર્યમાં એક જ હેતુ, રાજી થાયે...

રાજી થાયે એક જ તું...

બ્રહ્મનિયંત્રિત બ્રહ્મસમાજમાં...

સૌમાં તારું દર્શન કરું... (૨)

સ્નેહસુધાભરી મૂર્તિનાં સુખની...

મસ્તીથી... મસ્તીથી હું મસ્ત રહું...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

સ્વામિનારાયણ વિનવું હું... (૨)

ઘટઘટમાં પ્રસંગે પ્રસંગે...

આબાલ વૃદ્ધ સહુ મુક્તોમાં... (૨)

તું જ કરે છે... તું જ પ્રેરે છે,
એવું માની... એવું માની સુહૃદ બનું...
તારી દિવ્ય મૂરતિની સ્મૃતિમાં,
માહાત્મ્યથી સભર રહું...
દિવ્યજીવનના દિવ્ય આનંદમાં,
મસ્ત બની...(૨) તારા ગુણ ગાઉં...
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...
સ્વામિનારાયણ વિનવું હું... (૨)
નિમિત્ત બની કાર્ય કરી...
પાછા મૂર્તિરૂપી માળામાં... (૨)
માન-અપમાન, જશ-અપજશમાં
સહજ હું... સહજ સરળ સ્મિત કરું...
અખંડ અંતરમાં રહી,

અમારી રક્ષા કરજે તું ...(૨)

નિર્દોષબુદ્ધિના અમૃતપાનને,

જીવનમાં... જીવનમાં પચાવું હું...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

સ્વામિનારાયણ વિનવું હું... (૨)

ઊગતી પ્રભાએ કાર્ય પ્રારંભમાં...

સહાય કરો એવું ઈચ્છું છું

સર્વ કાર્યમાં એક જ હેતુ,

રાજી થાયે એક જ તું...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

સ્વામિનારાયણ વિનવું હું... (૨)

*

# શયન સ્તુતિ : આખા દિવસમાં...

આખા દિવસમાં તારી ભક્તિ માની...

જે કર્યું વિચાર્યું તે લે સ્વીકારી...

આખા દિવસ.

મન કર્મ વચને રાજી તને,

મારે કરવો છે એવું હતું મને... (૨)

મન ધાર્યું તોય કાંઈ થયું (હોય).... (૨)

તો ક્ષમા કરજે પ્રભુ મને...

આખા દિવસ.

જાણે અજાણે વફાદારી તારી,

ચૂકી દુ:ખી થયા અમહિમામાં ભળી...(૨)

હઠ, માન, ઈર્ષ્યાથી કર્યા... (૨)

હોય ઓશિયાળા તો દેજો માફી...(૨)

આખા દિવસ.

જાણપણાનો દરવાજો છોડી,
સ્વામી ! અભાવ, વિક્ષેપના માર્ગે ચડી...(૨)
તને ભૂલી બીજું ચિંતવન થયું હોય... (૨)
તો ક્ષમા માગું છું પાયે પડી...(૨)
આખા દિવસ.

અનુવૃત્તિ જાણી તને ગમશે કરી,
જે કર્યું તેમાં ન હોય ભક્તિ તારી...(૨)
કરવાનું હોય તે ના કર્યું તો... (૨)
ફરી સુઝાડો આ પ્રાણપતિ... (૨)
આખા દિવસ.

મોંઘામૂલી મૂર્તિ તેં સસ્તી કીધી,
રૂડાં પ્રારબ્ધ માટે તેં સેવા દીધી... (૨)
જાગ્રત, સુષુપ્તિ, સ્વપ્નમાંહી....(૨)
તારા થઈ રહીએ ઓ દયાનિધિ... (૨)
આખા દિવસ.

*

# જયઘોષ

- શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય !
- અક્ષરપુરુષોત્તમ મહારાજની જય !
- ગુણાતીતાનંદ સ્વામી મહારાજ –
  ગોપાળાનંદ સ્વામી મહારાજની જય !
- ભગતજી મહારાજ–જાગા સ્વામી મહારાજ–
  કૃષ્ણજી અદા મહારાજની  જય !
- શાસ્ત્રીજી મહારાજ – યોગીજી મહારાજની જય !
- કાકાજી મહારાજ – પપ્પાજી મહારાજની જય !
- પ્રમુખ સ્વામી મહારાજ–મહંત સ્વામી મહારાજની જય !
- હરિપ્રસાદ સ્વામી મહારાજ –
  અક્ષરવિહારી સ્વામી મહારાજની જય !
- મુકુંદજીવન સ્વામી મહારાજ –
  પ્રેમસ્વરૂપ સ્વામી મહારાજની જય !
- સંતભગવંત સાહેબજી મહારાજની જય !
- પ્રત્યક્ષ ધામ–ધામી–મુક્તોની  જય ! જય ! જય !

*



કોઈનાય દોષ જોયા વગર નિર્દોષભાવે
ભગવાન ને ભગવાનના સંતો-ભક્તોની
સેવા કરવી એ સર્વોપરી સેવા !

~ પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી

હું ભગવાનનો ને ભગવાન મારા

GURUSABHA

Anoopam Mission - Mogri

The Power To Disperse Darkness

**અનુપમ મિશન**

**શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ, સાંસ્કૃતિક એવં સામાજિક સેવા કેન્દ્ર**
બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી – ૩૮૮ ૩૪૫ ગુજરાત, ભારત